## જન્મદિને વધામણી



સ્પંદન એ ત્રિવેદી
(૨૬-૮-૧૯૯૧)
મો. ૭૩૮૩૪ ૫૪૮૫૪

# પાટીદાર મહારેલીની અસર ગાંધીનગરના શિક્ષણકાર્ય પર

## શાળા-મહાશાળાઓ ચાલુ રહી પણ 'બંધ'ની સુસ્તી બધે અનુભવાઈ

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદ ખાતે યોજાયેલી પાટીદાર મહારેલીની અસર અમદાવાદના શિક્ષણકાર્ય ઉપર તો પડી જ હતી, પરંતુ સાથે-સાથે તે ગાંધીનગરના શિક્ષણકાર્ય ઉપર પણ જોવા મળી હતી.

રેલીની અસર ગાંધીનગર ઉપર પડશે કે નહીં, રેલીના દિવસે સરકાર દ્વારા રજા જાહેર કરવામાં આવશે કે નહીં તે અંગે છેલ્લી ઘડી સુધી શાળા સંચાલકો અવઢવમાં હતા. અલબત્ત, છેલ્લા દિવસ સુધી કોઈ સમાચાર ન આવતાં શિક્ષકોએ વિદ્યાર્થીઓને 'આવતીકાલે રજા છે' એમ તો ન કહ્યું પરંતુ બિનસત્તાવાર રીતે એમ કહી દીધું હતું કે 'આવતીકાલે તમારે આવવું હોય તો આવજો.'

સરકારી તંત્ર તરફથી કોઈ જાણ ન આવતાં છેવટે સ્કૂલ્સ તરફથી રજા તો જાહેર ન કરવામાં આવી પરંતુ સ્કૂલ્સમાં માહોલ રજા જેવો રહ્યો. કારણ કે સ્કૂલવાહનચાલકો ગઈકાલે જ એલાન કરી ચૂક્યા હતા કે મહારેલીના સમર્થનમાં તેઓ મંગળવારે રજા રાખશે. આ કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ શાળા સુધી પહોંચી શક્યા ન હતા અને બાકીના થોડા વિદ્યાર્થીઓએ પણ આ કારણે શિક્ષણકાર્ય થશે નહીં એમ માનીને શાળાએ જવાનું ટાળ્યું હતું. અનેક વાલીઓને પોતાનાં બાળકોની સુરક્ષાનો પ્રશ્ન પણ સતાવતો હતો એ કારણે પણ ઘણાં બાળકો શાળાએ પહોંચ્યા ન હતા. અલબત્ત, બધા જ સ્કૂલ-વાહનચાલકોએ પોતાનાં વાહનો બંધ રાખ્યાં નહોતાં. 'બાળકોને વર્ષભર સ્કૂલ પહોંચાડવાની જવાબદારી અમે લીધી છે તો એને અમે નિભાવીશું' એવો સૂર વ્યક્ત કરીને બાળકોને રોજની જેમ આજે પણ સ્કૂલ પહોંચાડનારા સ્કૂલવાહનચાલકો પણ જોવા મળ્યા હતા. પરંતુ, તેમ છતાં મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહી હતી અને શિક્ષણકાર્ય નામ માત્ર ચાલ્યું હતું.

શહેરની મહાશાળાઓમાં પણ આ જ સ્થિતિ રહી હતી. બહારગામ રહેતા વિદ્યાર્થીઓએ ગાંધીનગર આવવાનું ટાળ્યું હતું અને નગરના પણ અનેક વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. અલબત્ત, નગરની મહાશાળાઓએ રજાની જાહેરાત કરી ન હતી, પરંતુ રજા જેવી જ સુસ્તી આજે તેમના વાતાવરણમાં અનુભવાઈ હતી.

## પ્રૉફેશનલ ફોટોગ્રાફર ગૃપ, ગાંધીનગર દ્વારા

# ફોટોગ્રાફર્સ માટે નિઃશુલ્ક 'ફોટોગ્રાફી વર્કશૉપ' યોજાયો





ગાંધીનગર, તા. ૨૨

પ્રૉફેશનલ ફોટોગ્રાફર ગૃપ, ગાંધીનગર દ્વારા વિડીયો-ફોટોગ્રાફર ઍસોસિએશન, ગુજરાતના સહયોગથી ગાંધીનગરના ફોટોગ્રાફર મિત્રો માટે સોમવારે નિઃશુલ્ક ફોટોગ્રાફી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૅક્ટર-૧૯ જીમખાના ખાતે આયોજિત આ વર્કશૉપમાં ૭૫ જેટલા ફોટોગ્રાફર્સ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદના ફોટો નિષ્ણાત મહેશભાઈ ગજ્જર દ્વારા સ્ટુડિયો લાઈટ તેમજ ફ્લૅશ લાઈટ વડે વેડિંગ ફોટોગ્રાફી અંગે વિશદ્ માહિતી આપવામાં આવી હતી. ફોટોગ્રાફર્સ દ્વારા પૂછવામાં આવેલા સવાલોના જવાબો પણ તેમણે આપ્યા હતા.

પર્લ ડિજીટલ પ્રિન્ટકોન, અમદાવાદ દ્વારા લેટેસ્ટ ફોટો આલ્બમનું પ્રદર્શન પણ આ પ્રસંગે ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિડીયો-ફોટોગ્રાફર ઍસોસિએશન, ગુજરાતના હોદ્દેદારો જયેશભાઈ શાહ, જયંતભાઈ પટેલ, શૈલેષભાઈ સાઈ તથા ધર્મેન્દ્રભાઈ કામદાર ઉપસ્થિત રહ્યા હતા. પ્રૉફેશનલ ફોટોગ્રાફર ગૃપ, ગાંધીનગરના નિલેશ પુજારા, રાકેશ ભટ્ટ, શેખર ગદાણી, હિરેન રાવલ, ગ્રેહામ ચૌહાણ, હર્ષ પટેલ, દિનેશ કુચારા તથા પિયુષ ચૌહાણે આ વર્કશૉપને સફળ બનાવવા માટે ભારે જહેમત ઊઠાવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઇઝ વૅલ
૬.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨**
ઑલ ઇઝ વૅલ
૧૨.૪૫, ૩.૩૦
માંઝી
૭.૦૦
બ્રધર્સ
૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
ફેન્ટાસ્ટીક ફોર (અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
દૃશ્યમ
૧.૦૦, ૧૦.૦૦
માંઝી
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૩.૪૫
**સ્ક્રીન-૫**
ઑલ ઇઝ વૅલ
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૧૨.૩૦, ૬.૪૫
માંઝી
૪.૦૦, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઇઝ વૅલ
સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
માંઝી : ધ માઉન્ટેન મૅન
સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦
**સ્ક્રીન-૩**
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
સવારે ૯.૪૫
બજરંગી ભાઈજાન
૧૨.૦૦
દૃશ્યમ
૩.૧૦, ૯.૫૦
બાહુબલિ
૬.૩૦
**સ્ક્રીન-૪**
બ્રધર્સ
૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
૧૨.૪૫, ૭.૧૫

# શ્રી છોતેર ગોળ દરજી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૨૫

શ્રી છોતેર ગોળ દરજી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટનું દ્વિતિય વર્ષનું અધિવેશન તાજેતરમાં યોજાયું હતું, જેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે મનુભાઈ વસંતલાલ (વાસન), ઉપપ્રમુખ દશરથભાઈ દરજી (માણસા), મંત્રી ધીરુભાઈ દરજી (લાડોલ), સહમંત્રી રાજુભાઈ રસિકલાલ (બદપુરા), ખજાનચી મુકેશભાઈ સોમભાઈ દરજી, ઓડિટર ગોવિંદભાઈ દરજી (રિદ્રોલ)ની વરણી કરવામાં આવી હતી, એમ સમાજના કારોબારી સભ્ય નટુભાઈ દરજી (પેથાપુર) દ્વારા જણાવવામાં આવ્યું છે.

# શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ ટ્રસ્ટના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૨૫

શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળનું કલોલમાં અધિવેશ યોજાયું હતું, જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ દિલીપભાઈ બબલદાસ દરજી (પ્રાંતિજ), ઉપપ્રમુખ નિલેષભાઈ દરજી (વાસન), મંત્રી સોમભાઈ દરજી (હાડવી), સહમંત્રી ચેતનભાઈ દરજી (પ્રાંતિજ), ભરતભાઈ દરજી (દોલારાણા વાસણા) તથા ઓડિટર તરીકે અનીલભાઈ દરજી (ગોઝારીયા)ની વરણી કરવામાં આવી હતી, એમ કેળવણી મંડળના સભ્ય નટુભાઈ દરજી (પેથાપુર) દ્વારા જણાવાયું છે.

## આઈલાનોર્સ વુમન ફાઉન્ડેશન દ્વારા

# વિદ્યાર્થીઓ માટે 'ફોટો જર્નલ' અને 'માય લાઈફ શૉર્ટ સ્ટોરી' સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

આઈલાનોર્સ વુમન ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં બાળકો માટે 'ફોટો જર્નલ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળાનાં બાળકોએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે આદિત્ય જાડેજા, દ્વિતિય ક્રમે ધ્રુવ કોષ્ટી અને તૃતિય ક્રમે દૃષ્ટિ પટેલને વિજેતા ઘોષિત કરવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત બાળકો અને યુવા વર્ગ માટે 'માય લાઈફ શૉર્ટ સ્ટોરી' વિષયે સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં પ્રતિસ્પર્ધીઓએ પોતાના હૃદયની ખરી ભાવના સાથે જીવનના પ્રસંગોનું વર્ણન પોતાના શબ્દોમાં કર્યું હતું. આ સ્પર્ધાના જુનીયર ગૃપમાં પાર્થ એલન પ્રથમ સ્થાને, કેનેથ દ્વિતિય સ્થાને અને ભૂમિ ઉપાધ્યાય તૃતિય સ્થાને વિજેતા બન્યાં હતાં. સિનિયર ગૃપમાં આશિષ ગુપ્તા પ્રથમ, મેરીન મેથ્યુ દ્વિતિય અને મિરાજ મીર તૃતિય સ્થાને વિજેતા રહ્યા હતા.

અમદાવાદ, ગાંધીનગર, વેરાવળ તેમજ સૌરાષ્ટ્રથી આવેલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.





શ્રી જલારામ સેવા સમાજ દ્વારા જલારામ ધામ, સૅક્ટર-૨૯ ખાતે રવિવારે વિદ્યા પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિવર્ષ યોજાતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના હોદ્દેદારો, વડીલોના હસ્તે વિદ્યાર્થીઓને તેમણે મેળવેલી શૈક્ષણિક સિદ્ધિઓ બદલ ઈનામો, પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા.



કડી સર્વ વિદ્યાલય દ્વારા લીડરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામ ગઈકાલે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ગાંધીનગરમાં સ્થિત કડી કૅમ્પસની વિભિન્ક કૉલેજીસના ૬૩ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિપ્રતિભાના ગુણો વિકસે તે હતો. કાર્યક્રમ નિષ્ણાત ટ્રેનર સુરેશ પટલે દ્વારા રચનાત્મક રીતે કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓને યોગા, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટૅલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મૅનેજમૅન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મૅનેજમૅન્ટ અને ટીમ વર્કીંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી મણીભાઈ પટેલ, ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન કો-ઓર્ડિનેટર પ્રો. ધર્મેન્દ્ર પટેલ અને સહાયક પ્રો. કેતન સાળુંકે દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજે બાલાજી મંદિર ખાતે શિવ મહિમ્નસ્ત્રોત, વિષ્ણુસહસ્ત્રના પાઠનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી બાજખેડાવાળ મંડળ, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસની એકાદશી નિમિત્તે બુધવાર, તા. ૨૬ના રોજ શિવ મહિમ્ન સ્ત્રોત તેમજ વિષ્ણુ સહસ્ત્રના પાઠનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. બાલાજી મંદિર, સૅક્ટર-૧૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આયોજિત આ કાર્યક્રમ પ્રસંગે પ્રસાદ સૌજન્ય હેમાંગિની હિતેશભાઈ ભટ્ટ તરફથી પ્રાપ્ત થયું છે.

આ પાવન કાર્યક્રમનો લાભ લેવા મંડળના પ્રમુખ કિરણભાઈ પંડ્યા દ્વારા સર્વ શ્રદ્ધાળુઓને ઈજન પાઠવવામાં આવ્યું છે.

## રક્ષાબંધનના પર્વ નિમિત્તે

# સંસ્કાર ગૃપ વૃક્ષોને રાખડી બાંધશે

ગાંધીનગર, તા. ૨૫

સર્જનાત્મક બાળ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સંસ્કાર ગૃપ દ્વારા આગામી રક્ષાબંધન નિમિત્તે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કાર ગૃપના સભ્ય બાળકો દ્વારા વૃક્ષોને રાખડી બાંધવાનો કાર્યક્રમ ગૃપ દ્વારા યોજવામાં આવ્યો છે.

ગૃપના પ્રમુખ તુષાર દવેએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે રક્ષાબંધનની ઉજવણી આ વખતે ગૃપ દ્વારા વૃક્ષોને રાખડી બાંધીને કરવામાં આવશે તથા વૃક્ષની રક્ષા કરવાની પ્રતિજ્ઞા પણ બાળકો દ્વારા લેવામાં આવશે. આ કાર્યક્રમ માટે સભ્ય બાળકો તથા અન્ય જે કોઈ વ્યક્તિઓને રસ હોય તે સૌને સૅક્ટર-૭માં પૂછપરછ કચેરી પાસેના જાહેર ઉદ્યાનમાં સાંજે ૬.૧૫ થી ૭.૦૦ કલાક દરમ્યાન ઉપસ્થિત રહેવા તેમણે જણાવ્યું છે.

# સાંઈરામના હાસ્યના હસ્તાક્ષર... ત્રણ કલાકમાં ૩૬૫ દિવસનો થાક ગાયબ

## સમસ્યા ગોવર્ધન જેટલી હોય પણ શ્રધ્ધા ટચલી આંગળી જેટલી જોઈએ... બાળકોને માર્કસીટના મોહતાજ નહીં, ટૅલેન્ટના સરતાજ બનાવો... ફોટો તો રૂપાળો આવે છે પણ ઈમેજ બનાવતાં વર્ષો લાગે છે... 'સંસ્કૃતિ'ના કાર્યક્રમમાં હાસ્ય, માતૃભાષા, સંગીત સાથે સુખી સંસારની ખટમીઠી વાતો પિરસાઈ



મહેફિલ
સંજય થોરાત

સાંઈરામ દવે એટલે ત્રણ કલાકમાં ૩૦૦ વાર ખડખડાટ હસાવતા કલાકાર... ગોંડલનો અસલ કાઠિયાવાડી લહેકો, રોજબરોજની બની ઘટના-સમાચારને હાસ્યમાં રૂપાંતર કરવાની હથોટી, ગુજરાતી ભાષા માટેનો અનન્ય પ્રેમ, રાષ્ટ્રભક્તિ-ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય જેવો અદ્ભૂત સમન્વય ધરાવતો આ કાર્યક્રમ એટલે માત્ર ત્રણ જ કલાકમાં ૩૬૫ દિવસનો થાક ગાયબ થઈ જાય...

ઘરનાનો ત્રણ હોય તો વ્યક્તિ વડાપ્રધાન બની શકે, વિશ્વ યોગ દિવસે એણે આખી દુનિયાને આંટીએ ચડાવી દીધાં, દુબઈમાં મસ્જીદમાં જઈને એ મંદિરની જમીન લઈ આવ્યાં, ઓબામાને ૧૦ વર્ષ બાદ ખબર પડશે કે મોદીનો ફેરો એમને કેટલામાં પડ્યો... જેવી ધૂંઆધાર શરૂઆત કરી સાંઈરામે પ્રથમ વાક્યથી જ બધાનાં મોઢાં ખોલી નાંખ્યાં...

એમની સાથે આવેલાં સંગીતના સાજીંદા સાથે ગાયક ભરત વૈષ્ણવે શ્રાવણ મહિનાના શિવતાંડવ સ્ત્રોત સાથે ભક્તિમય માહોલ પણ રચ્યો.. પ્રાચીન ભજનીક વિષ્ણુપ્રસાદના દીકરા સાંઈરામે ઈલૅક્ટ્રીકલ ઍન્જિનિયરીંગની ડિગ્રી લીધેલી છે, પપ્પાના વારસાને જાળવવા કલાકાર બનેલા આમણે જ્યારે ૯૫-૯૬માં પ્રથમ શો કર્યો ત્યારે માત્ર ત્રણ ટિકિટ વેચાયેલી અને આજે હાસ્યના કાર્યક્રમમાં હાઉસફૂલનાં પાટિયાં ઝુલતાં જોવા મળે છે. આ કાર્યક્રમમાં એમની વનલાઈન્સ ખૂબ વખણાઈ.

આજે દરેક વસ્તુના ફોર્મેટ ચેન્જ થઈ ગયાં છે. ભાખરી હતી એ પિત્ઝા બનીને આવી છે અને એમાંય જો ઢીલી પડે તો ગોદડું ચાવતાં હોઈએ એવું લાગે... શિરામણ અને વાળુની જગ્યાએ બૂફે આવી ગયાં એમાં લોકો ભિખારીની જેમ ગરીબડા થઈને ઊભેલાં જોવા મળે છે... જીભ તોતડી હોય તો ચાલે પણ તોછડી હોય તો ન ચલાવી લેવાય...

વૉટ્સઍપના અવતારબાદ આડી-અવળી લાઈનવાળા બધાં હવે ઑનલાઈન થઈ ગયાં... ભિખારીને દસની નોટ આપનારાં મૅડમને કહ્યું, 'કેમ, મને ન ઓળખ્યો? આપણે એફબી પર ફ્રેન્ડ છીએ.' મૅડમે ઘેર જઈને પહેલું કામ એફબી એકાઉન્ટ બંધ કરવાનું કર્યું.

પરસેવાનો પૈસો પર સેવામાં લાગે ત્યારે સમજવું કે આપણે સાચી દિશામાં છીએ... લોકો પાણી ગાળીને પીવે છે પણ લોહી ડાયરેક્ટ પીવે છે.. રાજકોટમાં હેલ્મેટનો કાયદો કાઢી નાખ્યો છે કારણ ૧૩૫નો માવો ખાઈને થૂંકવું કેવી રીતે? આપણા આ થૂંકનારા વીરોને પરમિશન આપો તો તાજમહેલને લાલ કિલ્લો બનાવી દે !!

હું માતૃભાષા માટે કટ્ટર નહીં પણ ટટ્ટાર છું. આવનારી પેઢીને ગુજરાતી સાથે કનેક્ટ કરો... લોકો જન્મતાથી સાથે રેઈનકોટ જેવી ચામડી લઈને આવે છે, એમને લાગણી સ્પર્શી નથી શકતી.

દાંત હોય ત્યારે દાળિયાં ખાઈ લેવાં જોઈએ. 'મોડી લેવી પણ ઑડિ લેવી' એમ કહેનારાં મારૂતિ ભેગાંય નથી થતાં...

જિંદગી શેરડીના સાંઠા જેવી છે, માંડ ગળપણ આવે ત્યાં ગાંઠ આવી જાય...

કૂવામાં પડવું જ છે તો ઉંડાઈ માપવાની શી જરૂર છે? કુંડળીઓ સાસુ-વહુની મેળવો, સંસાર એમણે જ ચલાવવાનો હોય છે... પુરૂષો બધાં જેઠાલાલ જેવાં હોય છે જેમને એક બબીતા જોઈતી હોય છે...

સારી કન્યા માટે એમ કહેવાય કે 'કાગડો દહીંથરૂં લઈ ગયો તો છોકરા માટે એમ કહેવાય 'વાંદરી સફરજન લઈ ગઈ'...

કોઈ ગરીબ વિદ્યાર્થીની ફી ભરો તો મંદિર બનાવ્યા જેટલું પુણ્ય મળે... પૂજન પવિત્રતાના હોય, પૅલેસના નહીં... સમસ્યા ભલે ગોવર્ધન જેટલી હોય, શ્રધ્ધા ટચલી આંગળી જેટલી જોઈએ... આપણે બીજાના દુખે દુખી નહીં, બીજાના સુખે દુખી છીએ...

બાળકોને પેરાશૂટર બનાવવા કરતાં ગ્રાસરૂટર બનાવજો, માર્કશીટના મોહતાજ નહીં પમ ટૅલેન્ટના સરતાજ બનાવજો. લોકો પાસબૂકને પ્રેમ કરે છે પણ બૂકને નથી કરતાં...

'ગુજરાત ગૌરવ પુરસ્કાર'ને સાર્થક કરનાર આ કલાકાર ગાયન, વાદન, હાસ્ય, સાહિત્ય અને કવિતાનો પંચામૃત ટેસ્ટ ધરાવે છે ને એ જ ટેસ્ટ એમણે ગાંધીનગરના આંગણે ધર્યો પણ ખરો, જે પ્રેક્ષકોને ખૂબ ભાવ્યો. આ આયોજન માટે 'સંસ્કૃતિ' સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ અને મંત્રી મનોજ શુક્લ અભિનંદનને પાત્ર છે.

અંતે, સાંઈરામનો જ એક શેર : કૌન કહેતા હૈ કલાકાર મર જાતા હૈ, વહ તો કબ્રસ્તાન મેં ભી તાલીયોં કા ઈન્તઝાર કરતા હૈ...



તસવીર : કશ્યપ નિમાવત

## ક્વીઝ નં. ૩



કરંટ કોકટેલ
દર્શન મારૂ

(૧) ભારતની સૌથી લાંબી નિર્માણાધિન પટનીટોપ જમીની સુરંગ કયા રાજ્યમાં આવેલી છે?
(ક) ઉત્તરપ્રદેશ (ખ) હરિયાણા
(ગ) હિમાચલપ્રદેશ (ઘ) જમ્મુ-કાશ્મીર

(૨) ૨૦૧૫માં કયા દિવસને નેશનલ સ્ટેટેસિટ્કલ્સ ડે તરીકે મનાવવામાં આવ્યો હતો?
(ક) ૨૮ જૂન (ખ) ૨૯ જૂન
(ગ) ૨૭ જૂન (ઘ) ૩૦ જૂન

(૩) ૨૦૧૫માં આયોજિત વિશ્વ સંસ્કૃત સંમેલનમાં કેટલા દેશોએ ભાગ લીધો હતો?
(ક) ૫૫ (ખ) ૬૦
(ગ) ૬૫ (ઘ) ૭૦

(૪) વિશ્વભરમાં સુપર કમ્પ્યુટર ધરાવતા દેશોમાં ભારતનો ક્રમ કેટલામો છે?
(ક) ૫ (ખ) ૬
(ગ) ૭ (ઘ) ૮

(૫) ૨૦૧૫નો સવ્યસાચી સારસ્વત એવૉર્ડ કોને આપવામાં આવ્યો છે?
(ક) કે જી બાલાકૃષ્ણન (ખ) કે જી બાલયોગી
(ગ) કે જી કૃષ્ણઅય્યર (ઘ) કે જી સુબ્રમણ્યન

(૬) ૨૦૧૫ વિશ્વ યોગ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેટલા રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી?
(ક) રૂા. ૧ (ખ) રૂા. ૨
(ગ) રૂા. ૫ (ઘ) રૂા. ૧૦

(૭) ૨૦૧૫, ૨૧ જૂને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક નેતા કેશવ હેડગેવારની કેટલામી પુણ્યતિથિ ઉજવાઈ હતી?
(ક) ૭૫મી (ખ) ૭૬મી
(ગ) ૭૭મી (ઘ) ૭૮મી

(૮) ૨૦૧૫માં જી-૭ની બેઠક કયા દેશમાં યોજાઈ હતી?
(ક) રશિયા (ખ) જર્મની
(ગ) કઝાકિસ્તાન (ઘ) યુકે

(૯) ૨૦૧૫માં વિશ્વના સૌથી ધનિક ખેલાડી તરીકે પ્રથમ સ્થાન કોને આપવામાં આવ્યું છે?
(ક) માઈકલ શૂમાકર (ખ) ટાઈગર વૂડ્સ
(ગ) મેવેદર (ઘ) મહેન્દ્રસિંહ ધોની

(૧૦) ૨૦૧૫માં વિશ્વ વસતી દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો?
(ક) ૧૧ જુલાઈ (ખ) ૧૨ જુલાઈ
(ગ) ૧૩ જુલાઈ (ઘ) ૧૪ જુલાઈ

**ક્વીઝ-૨ ના જવાબ**

(૧) ગ (૨) ગ (૩) ક (૪) ખ (૫) ખ (૬) ગ (૭) ખ (૮) ખ (૯) ઘ (૧૦) ગ